# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-02-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## C.M- સુઝલામ સુફલ પ્રારંભ:

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુજલામ્ સુફલામ્ જળઅભિયાન- જળસંચય જનભાગીદારીના બીજા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. ગાંધીનગરના ભાટ ગામથી શરૂ થયેલું આ અભિયાન આગામી 31 મે સુધી ચાલશે. દરમિયાન જળસંગ્રહ અને સંચય ક્ષમતા વધારવા રાજ્યમાં તાલુકાદીઠ 10 તળાવ ઉંડા કરાશે.**

**આ અભિયાન અંતર્ગત હયાત તળાવ ઊંડા કરવા, ચેકડેમમાંથી કાંપ દૂર કરવા, નહેર તથા કાંસના સમારકામ, સફાઈ અને જાળવણી, વરસાદી પાણીના સંગ્રહના કામ રાજ્ય સરકારના 6 જેટલા વિભાગ દ્વારા લોક ભાગીદારીથી કરાશે.**

**આ અભિયાનથી ગત આઠ વર્ષમાં એક લાખ 22 હજારથી વધુ કામ દ્વારા જળસંગ્રહ ક્ષમતામાં એક લાખ 39 હજાર લાખ ઘન ફૂટ વધારો થયો તેમજ 210 લાખ માનવદિવસ રોજગારીનું સર્જન થયું છે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.**

**-------------------------------------------------------------------------------------------**

## હર્ષ સંઘવી-વંદે માતરમ :

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહમાં વંદે માતરમ્-ની દોઢસોમી વર્ષગાંઠની ઉજવણી અંગેના સરકારી સંકલ્પ પર ચર્ચામાં ભાગ લીધો. તેમણે રાષ્ટ્રગીત વંદે માતરમ્-ને રાષ્ટ્રભક્તિનો મહામંત્ર ગણાવતા કહ્યું, ગુજરાતનાં દિકરી મેડમ ભિખાઈજી કામાએ

વિદેશની ધરતી પર 'વંદે માતરમ્' લખેલા ધ્વજ સાથે ભારતની શક્તિનો પરિચય કરાવ્યો હતો.

શ્રી સંઘવીએ કચ્છના ભુજોડીમાં બનેલું 'વંદે માતરમ્ સ્મારક' આજે પણ આઝાદીના ઇતિહાસને જીવંત રાખી રહ્યું હોવાનું પોતાના સંબોધનમાં ઉંમેર્યું. સાથે જ તેમણે આ ઉજવણીને ગુમનામ શહીદો અને દેશના નાયકો પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ ગણાવી હતી.

---

## કચ્છમાં PMશ્રી નવ શાળાઓને મંજુરી :

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) અંતર્ગત શિક્ષણની ગુણવત્તા સુધારણા અને માળખાંગત સુવિધા સઘન કરવા વ્યાવસાયિક શિક્ષણ અને ટેક્નોલોજીયુક્ત શિક્ષણ મળી રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા કચ્છમાં 18 શાળાને PMશ્રી યોજના હેઠળ સંપૂર્ણ સુવિધાયુક્ત બનાવવામાં આવી છે તથા હજુ પણ માળખાંગત અને શૈક્ષણિક ગુણવત્તા સુધારણા પર વિશેષ કાળજી રાખી વધુ વિકસાવવામાં આવી રહી છે. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારનાં માર્ગદર્શન હેઠળ ગાંધીધામની જૂની સુંદરપુરી, અંજાર તાલુકાની મીંદિયાળા તથા ભુજ તાલુકાની કુકમા પ્રા. શાળાની મુલાકાત લેવામાં આવી હતી. PMશ્રી સ્કૂલોને મોડેલ સ્કૂલ બનાવી અન્ય સ્કૂલો પ્રેરણા લે તે માટે રાજ્ય સરકાર તરફથી વધુ 18 સ્કૂલ જિલ્લાને નવી મળી છે, જે આવતાં સત્રથી જિલ્લામાં કાર્યરત થઈ જશે, તેવું જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું.

---

## છારી ઢંઢ ખાતે તાલીમ કાર્યક્રમ:

**ભારત સરકારના પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલયના એન્વાયર્મેન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ (EEP) ૨૦૨૫-૨૬ અંતર્ગત 'ગીર' ફાઉન્ડેશન દ્વારા "Sustainable Lifestyle Practices" (ટકાઉ જીવનશૈલી પદ્ધતિઓ) શીર્ષક હેઠળ વિશેષ શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.**

આ પ્રોગ્રામ અંતર્ગત જૈવિક વિવિધતા અંગે સમજ કેળવી તેના સંરક્ષણ અને સંવર્ધનના મહત્વને સમજવાના ઉદ્દેશ સાથે નખત્રાણા સ્થિત છારીઢંઢ વેટલેન્ડ કન્ઝર્વેશન રિઝર્વ ખાતે તારીખ 14 ફેબ્રુઆરી તેમજ 21 ફેબ્રુઆરીના  એમ બે દિવસ તાલીમ કાર્યશાળાઓ યોજાઈ હતી. આ કાર્યશાળામાં કચ્છ યુનિવર્સિટી-ભુજ, સરકારી ઈજનેરી કોલેજ-ભુજ, આર.આર. લાલન કોલેજ-ભુજ અને મુક્તજીવન ગર્લ્સ કોલેજ-ભુજના આશરે ૨૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------------------------------------------

## રમઝાન માસમાં બજારો ધમધમી:

રમજાન માસની શરૂઆત સાથે ભુજ તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં ફળફળાદિ, ખજૂર અને શરબતોની માંગ વધતાં બજારો ધમધમી રહી છે. ભુજ શહેર, તાલુકા તેમજ કોટડા (ચ.), કુકમા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં  અંદાજે 13 કલાકનો રોજો રાખી મુસ્લિમ બિરાદરો ઈબાદત-બંદગી સાથે સવારની સહેરી અને સાંજની ઈફતારી માટે જરૂરી ચીજવસ્તુઓ લેવા બજારોમાં ઊમટયા હતા.  આગેવાનોએ રમજાન માસનું મહત્ત્વ વર્ણવતાં જણાવ્યું કે, આ મહિનો ઈબાદત, સબ્ર અને દાનનો મહિનો છે, જે સમાજમાં એકતા, સહાનુભૂતિ અને ભાઈચારો મજબૂત બનાવે છે. રમજાન માસ દરમિયાન ભુજ તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોના બજારોમાં જોવા મળતી આ રોનક ધાર્મિક ભાવના, સામાજિક સૌહાર્દ અને વેપારિક ચેતનાનું જીવંત પ્રતિબિંબ બની રહી છે.

---------------------------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય સેમિનાર:

કેન્સર મુક્ત ભારતના અભિયાન હેઠળ હવે કિશોરીઓને જીવલેણ સર્વાઇકલ કેન્સર (ગર્ભાશયના મુખનું કેન્સર) થી બચાવવા માટે સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે. જે અંતર્ગત ગાંધીધામ તાલુકામાં આગામી તા. 28 ફેબ્રુઆરીથી 14 વર્ષની વયની અંદાજે 10 હજાર

કિશોરીઓને હ્યુમન પેપીલોમા વાયરસ (HPV) વેક્સિન આપવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

તાલુકા આરોગ્ય અધિકારી ડો. દિનેશ સુતરીયાએ જણાવ્યું હતું કે, “આ રસીકરણ અભિયાન હેઠળ શાળાએ જતી કિશોરીઓને તેમની શાળાઓમાં જ રસી આપવામાં આવશે.આ ઉપરાંત, જે કિશોરીઓ શાળાએ નથી જતી, તેઓ નજીકની આંગણવાડી કેન્દ્રો પર જઈને આ વેક્સિન મેળવી શકશે.

---------------------------------------------------------------------------------------------